# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### પેટલાદમાં મેળાના ઈજારદાર દ્વારા શરતોનું ઉલ્લંઘન, પાલિકાના નાણા બાકી છતાં તામજામ ગોઠવી દીધો

# પેટલાદ પાલિકા મેળાના ઈજારદાર પર ઓળઘોળ!

**પાલિકાની નિયત** રકમ બાકી છતાં મેળાનો પ્રારંભ કરવા તજવીજ હાથ ધરાઇ

**ઇજારદાર પાસે કોઇ** પ્રકારની પરવાનગી ન હોવાથી વિજ કનેક્શન પણ ન મળ્યું

(પ્રતિનિધિ) પેટલાદ તા.2

પેટલાદના નગરપાલિકા સ્ટેડિયમ ખાતે ભાદરવી સુદ અગિયારસને બુધવારથી લોકમેળો શરૂ થઈ રહ્યો છે. આ લોકમેળા માટે પાલિકા દ્વારા એક મહિના અગાઉ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે પ્રક્રિયા દરમ્યાન ચાલુ વર્ષે મેળા માટે આણંદની પટેલ અમ્યુઝમેન્ટનું ટેન્ડર મંજુર થયું છે. પાલિકા અને ઈજારદાર વચ્ચેના કરારની શરતો મુજબ મંજુર થયેલી સંપૂર્ણ રકમ મેળાના પ્રારંભ અગાઉ ચુકતે કરવાની હોય છે. પરંતુ ઈજારદારે પાલિકાની શરતોનું ઉલ્લંઘન કરી મંજુર થયેલ રકમ પૈકી લગભગ પચાસ ટકા જેટલી રકમ જ જમા કરાવી છે. લોકમેળો શરૂ થવાને હવે ગણતરીના કલાકો બાકી હોવા છતાં ઈજારદાર પાસે જરૂરી પરવાનગીઓ નહીં હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત વીજ કંપની દ્વારા હંગામી મીટર પણ હજી સુધી ફળવાયેલ નહીં હોવાથી પ્રથમ દિવસે જ મેળામાં અંધારપટ રહેવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.



તસવીર: વિનાયક આણંદજીવાલા

પેટલાદ નગરપાલિકાના સ્ટેડીયમ ખાતે દર વર્ષે ભાદરવા સુદ અગિયારસથી 15 દિવસ માટે લોકમેળો ભરાતો હોય છે. જેથી પાલિકા મેળા માટે સ્ટેડીયમ ભાડે આપતા હોય છે. આ ભાડામાં પાલિકા દર વર્ષે દસ ટકાનો વધારો કરે છે. આ લોકમેળા માટે ભાડે આપવામાં આવતું સ્ટેડીયમ ચોક્કસ નિતી નિયમો અને શરતોને આધિન ટેન્ડર પ્રક્રિયા કરીને જે તે ઈજારદારને આપવામાં આવતું હોય છે. ચાલુ વર્ષે આ લોકમેળો 3જી સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યો છે. પરંતુ તે પૂર્વે ટેન્ડરમાં મંજુર થયેલી રકમ પૂરેપૂરી પાલિકામાં જમા નહીં કરાવી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ખરેખર શરતો મુજબ ટેન્ડરની સો ટકા રકમ ભરાયા પછી જ સ્ટેડીયમનું પઝેશન આપવાનું હોય છે. પરંતુ પેટલાદમાં પાલિકાએ અધુરૂ ચુકવણુ હોવા છતાં ઈજારદારને સ્ટેડીયમનું પઝેશન આપી દીધું હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

પેટલાદ નગરપાલિકાની આર્થીક સ્થિતિ ડામાડોળ છે. આમ છતાં ઈજારદારોને સગવડતા કરી આપવા પાછળનું રહસ્ય પ્રજાને સમજાતું નથી.

### પેટલાદ પાલિકાના અધિકારીઓ શું કહે છે ?

આ અંગે પાલિકાના એન્જીનિયર દેવાયત કામળીયાએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે રૂ.24 લાખની રકમથી ટેન્ડર પ્રસિધ્ધ થયા હતા. જેમાં પાલિકાને ચાર ટેન્ડર મળ્યા હતા. જે પૈકી આણંદના પટેલ એમ્યુઝમેન્ટે સૌથી વધુ રૂ.24.11 લાખ રકમ ભરી હોવાથી તેઓનું ટેન્ડર મંજુર થયું હતું. જ્યારે ટેન્ડરની ભરાયેલી રકમ સંદર્ભે એકાઉન્ટન્ટે જણાવ્યું હતું કે, કુલ રકમ પૈકી રૂ.12 લાખ પાલિકામાં જમા કરાવ્યા છે. મેળાની જરૂરી પરવાનગી અંગે પટેલ એમ્યુઝમેન્ટના રાકેશભાઈ પટેલે કહ્યું હતું કે, જરૂરી જે કોઈ પરવાનગીઓ મેળવવાની છે તે માટે પ્રક્રિયા ચાલુ છે. હાલ અમારી પાસે રાઈડ ચલાવવા એક પણ પરવાનગી નથી. આ ઉપરાંત લાઈટ માટે હજુ મીટર પણ આવ્યું નથી.

### દુર્ઘટના માટે જવાબદાર કોણ ?

રાજ્યમાં કોરોના કાળમાં લોકમેળા સદંતર બંધ કરાયાં હતા. બાદ ત્રણેક વર્ષથી મંજુરી આપવામાં આવે છે. પરંતુ કેટલાક મેળા, અમ્યુઝમેન્ટ પાર્ક વગેરેમાં દુર્ઘટના સર્જાવાના કારણે સરકારે નવી એસઓપી જાહેર કરી છે. જેથી ઇજારદારે નવી એસઓપી મુજબ પરવાનગી મેળવવાની હોય છે. પરંતુ પેટલાદના લોકમેળા માટે ઈજારદાર દ્વારા નવી એસઓપી મુજબ રાઈડ ચલાવવા તમામ પરવાનગીઓ અને લાગતા વળગતા વિભાગીય અધિકારીઓના અભિપ્રાયો બાકી હોવાનું જાણવા મળે છે.

---

### પગાર વધારો અને અન્ય માંગોને લઈ વિરોધ પ્રદર્શન

# નડિયાદની લક્ષ્મી સ્નેક્સના કર્મી પગાર બાબતે હડતાલ પર ઉતર્યાં

**લઘુત્તમ વેતન, EPF** અને સુરક્ષાના મુદ્દે કર્મચારીઓ આક્રમક, કંપનીનું કામકાજ ઠપ્પ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

નડિયાદની લક્ષ્મી સ્નેક્સ (રિયલ) કંપનીમાં 900થી વધુ કર્મચારીઓ પગાર વધારા અને અન્ય માંગો સાથે હડતાળ પર ઉતર્યા છે, જેના કારણે કંપનીનું કામકાજ થંભી ગયું છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં લઘુત્તમ વેતન, EPF કપાત, કોન્ટ્રાક્ટરના અયોગ્ય વર્તન અને સલામતીના સાધનોનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ ચીમકી આપી છે કે જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનશે. આ મુદ્દે સરકારી તંત્રની બેદરકારી અને કંપનીનો ઉડાઉ જવાબ કર્મચારીઓને વધુ મુશ્કેલીમાં મૂકી રહ્યો છે.





તસવીર: જશવંતસિંહ રાઠોડ

#### જૂનાને હાંકી નવા કર્મી લેવાની મોનોપોલી

સમગ્ર મામલે કર્મચારી વર્તુળમાંથી મળતી માહિતી મુજબ જૂના કર્મચારીઓ પગાર વધારાની માંગણી કરે, તેવા સંજોગોમાં કંપની દ્વારા જૂના કરમચારીઓને હાંકી કાઢવામાં આવે છે. તેમજ તેમના સ્થાને ઓછા પગારમાં નવા કર્મચારીઓ રાખવામાં આવે છે. જેથી કંપનીની સામેનો વિરોધ શમી જાય અને આર્થિક રીતે પણ પોતાની મનમાની મુજબનો પગાર ચુકવી નવા કર્મચારીઓ પાસે કામ કરાવી લેવામાં આવે છે.

નડિયાદના પીજ ચોકડી પાસે આવેલી લક્ષ્મી સ્નેક્સ (રિયલ) કંપનીમાં હાલ તણાવનો માહોલ છે. કંપનીના 900થી વધુ કર્મચારીઓ પગાર વધારા સહિતની વિવિધ માંગણીઓ સાથે હડતાળ પર ઉતર્યા છે. કર્મચારીઓનું આ આંદોલન આક્રમક બની રહ્યું છે, જેના કારણે કંપનીનું સમગ્ર કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં લઘુત્તમ વેતન, EPF યોગ્ય રીતે ન કાપવો, કોન્ટ્રાક્ટરનું અયોગ્ય વર્તન, સરકારી નિયમોનું પાલન ન કરવું અને સુરક્ષાના સાધનો ન આપવા જેવી મહત્વની બાબતોનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનશે.

આશરે 250થી વધુ કર્મચારીઓ, જેમાંથી ઘણા છેલ્લા 20 વર્ષથી કંપનીમાં કાર્યરત છે, તેઓ પગારના મુદ્દે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે જે કર્મચારીઓએ પગાર બાબતે રજૂઆત કરી હતી અથવા આંદોલન કર્યું હતું, તેમને કંપનીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ હડતાળને કારણે પ્રથમ શિફ્ટનું કામકાજ સંપૂર્ણપણે અટકી ગયું છે, જેનાથી કંપનીને મોટું નુકસાન થઈ રહ્યું છે. કર્મચારીઓ દ્વારા વારંવાર ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવા છતાં, સરકારી બાબુઓ અને તંત્ર આ મુદ્દે બેધ્યાન છે. કર્મચારીઓનો દાવો છે કે કંપની તેમની નોટિસનો ઉડાઉ જવાબ આપી રહી છે, જેના કારણે તેમની સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. આ પરિસ્થિતિમાં, વર્ષોથી કામ કરતા કર્મચારીઓને ન્યાય મળશે કે કેમ, અને કંપની તેમના હિતમાં કોઈ નિર્ણય લેશે કે નહીં, તે જોવું રહ્યું. આગામી સમયમાં કર્મચારીઓ કંપની સામે કાનૂની લડત સહિત કેવા પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેશે.

ચરોતરની કંપનીઓમાં અગાઉ પણ પગારના મુદ્દે કામદારોએ આંદોલાત્મક કાર્યક્રમો યોજ્યાં હતાં. પરંતુ સ્થિતિ જેમની તેમ છે અને તેમનું શોષણ થઇ રહ્યું છે.

#### મજૂર નેતા બનેલા સામાજીક કાર્યકરો ખોવાઈ ગયા..!!

ખેડા જિલ્લા સહિત ચરોતર અને રાજ્યભરના અનેક જિલ્લાઓમાં થોડા સમય અગાઉ કેટલાક સામાજીક કાર્યકરો દ્વારા કર્મચારીઓ માટે મોટા ઉપાડે લડત શરૂ કરવામાં આવી હતી. કર્મચારીઓને કેટલાક અંશે લાભ થતો હતો, પરંતુ મજૂર નેતા બનેલા સામાજીક કાર્યકરો બાદમાં એકાએક કર્મચારીઓની લડત છોડી ગાયબ થઈ ગયા છે. જેથી આવા સામાજીક કાર્યકરો અંગે પણ અનેક પ્રકારની ચર્ચાઓ ખુદ કર્મચારી વર્તુળમાં જ ચાલી રહી છે.

---

### વિદ્યાર્થીઓને નશાના રવાડે ચડાવવાનો કારસો

# વિદ્યાનગરમાં ઈ-સિગારેટ વેચતો વેપારી પકડાયો

**સ્પેશ્યલ ઓપરેશન** ગ્રુપે 34 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા વલ્લભ વિદ્યાનગરમાં પ્રતિબંધિત ઇ-સિગારેટ વેચતા વેપારીને પકડી પાડી તેની પાસેથી 34,500નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર એ.જે. અસારી સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વિદ્યાનગરના મોટા બજાર ચાર રસ્તા નજીકમાં લક્ષ્મી ટીની બાજુમાં, હોટ એન્ડ સ્પાયસી નામની દુકાનમાં ચિરાગ તુલસીભાઈ પ્રિતમાણી છુટકમાં સરકાર દ્વારા પ્રતિબંધિત વિદેશી ઇ-સિગારેટનો વેપાર કરે છે. જે અનુસંધાને સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ચિરાગ તુલસી પ્રિતમાણી (રહે.શ્રીજી ચરણ સોસાયટી, લાંભવેલ) મળી આવ્યો હતો. દુકાનમાં તપાસ કરતાં પ્રતિબંધિત ઇ-સીગારેટ વિદેશી રિચાર્જેબલ ઇ-સિગારેટ અલગ અલગ ફ્લેવરની 50 એમએલની બે મળી આવી હતી. આ ઉપરાંત અન્ય કંપનીની પણ 5 મળી કુલ 7 ઇ-સીગારેટ કબજે કરવામાં આવી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે ચિરાગ તુલસી પ્રિતમાણી સામે ગુનો નોંધી કુલ 34,500નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

---

# આણંદમાંથી મહિલાને લઇ જતી આંધ્રપ્રદેશની પોલીસ પર હુમલો

**વિશાખાપટ્ટનમની** ક્રાઇમ બ્રાંચ તસ્કરને ટ્રેક કરતાં કરતાં આણંદ પહોંચી હતી

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ શહેરમાં તસ્કર ટોળકીને પકડવા આવેલી આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમની ક્રાઈમ બ્રાંચ લોકોના રોષની ભોગ બની હતી. જેમાં ટોળાએ પોલીસની ટીમ પર હુમલો કરતાં ઓફિસર ઘવાયો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવો પડ્યો હતો.

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ માં ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે વિશાખાપટ્ટનમની ક્રાઈમ બ્રાંચની ટીમ મહિલા તસ્કરની શોધખોળમાં હતી. આ પરપ્રાંતિય મહિલા કરમસદમાં છુપાઇ હતી. જેની માહિતી વિશાખાપટ્ટનમની ક્રાઈમ બ્રાંચને મળતાં એક ટીમ મહિલાને પકડવા કરમસદ પહોંચી હતી. જોકે, તેઓએ ભળતી જ મહિલાને ઉઠાવી લીધી હતી અને તેને લઇ જતાં હતાં. બીજી તરફ જે મહિલાને ઉઠાવી હતી. તેના પરિવારજનો ચોંકી ગયાં હતાં. કારણ કે વિશાખાપટ્ટનમની ક્રાઈમ બ્રાંચના અધિકારીની ભાષા કે બોલી તેઓ સમજી શકતાં નહતાં. જ્યારે પોલીસ અધિકારીઓ પણ સ્થાનિક ભાષાની અજાણ હતાં. આમ ભાંગરો વટાયો હતો. જેથી મહિલાના પરિવારજનો રોષે ભરાયાં હતાં અને પોલીસની ગાડીનો પીછો કર્યો હતો. બાદમાં મહિલાના પરિવારજનોએ ગ્રીડ ચોકડીથી થોડે દુર ક્રાઇમ બ્રાંચની ટીમને આંતરી હતી અને મહિલાને ઉછાવી જતી ગેંગ હોવાનો આક્ષેપ કરી હુમલો કર્યો હતો. આ હુમલાથી આસપાસમાં ટોળું એકત્ર થયું હતું અને તેમને પણ આ પોલીસ નકલી હોવાનું અને મહિલાને ઉઠાવી જતી ગેંગ હોવાનું લાગતા તેઓએ પણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ક્રાઈમ બ્રાંચના અધિકારી શ્રીનિવાસ ખેર (ઉ.વ.38)ને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે વડોદરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

આણંદ પોલીસ ઈન્સ્પેક્ટર વી. ડી. ઝાલાના જણાવ્યાનુસાર, આંધ્રપ્રદેશની પોલીસની ભાષા સ્થાનિક લોકો સમજી ન શકતાં સમગ્ર મામલે ગેરસમજણ સર્જાતાં ઘટના બની હતી.

---

### બાળકીનું અપહરણ કરી તેના હાથપગ બાંધી નદીમાં ફેંકી દીધી હતી

# નવાખલની બાળકીનો મૃતદેહ 3 દિવસ બાદ નદીમાંથી મળ્યો

**પોલીસે મૃતદેહને** પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો

**અટકાયત** કરાયેલો શખસ પોલીસને ગોળગોળ ફેરવે છે

(પ્રતિનિધિ) આંકલાવ તા.2

આંકલાવ નવાખલ ગામમાં 3 દિવસ પહેલા ગુમ થયેલી બાળકીનો મૃતદેહ વડોદરા પાસે મીની નદીમાંથી કોહવાયેલી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. આ અંગે રાઉન્ડ અપ કરાયેલા શખસની સઘન પુછપરછ ચાલી રહી છે. પરંતુ આ શખસ પોલીસને છેલ્લા 3 દિવસથી ગોળગોળ ફેરવી રહ્યો છે. જેથી ભારે રોષની લાગણી પણ જન્મી છે.

આંકલાવના નવાખલ ગામમાં ભેદી સંજોગોમાં ગુમ થયેલી પાંચ વર્ષની માસુમ બાળકીની છેલ્લા 3 દિવસથી શોધખોળ ચાલી રહી હતી. આ અંગે આંકલાવ પોલીસે ગંભીરતાપૂર્વક તપાસ પડતાલ કરી સીસીટીવી દ્વારા આરોપીને ખોળી કાઢયો હતો. આ બાળકીના કાકાના જ મિત્રએ બાળકીનુ અપહરણ કરી તેના હાથપગ બાંધી તેને સિંઘરોટ મીની નદીમાં ફેંકી દીધી હોવાનું બહાર આવ્યું હતું. આથી, આ શખસની અટકાયત કરવામાં આવી હતી અને સઘન પુછપરછ કરતાં છેલ્લા બે દિવસથી પોલીસને પણ ગોળ ગોળ નિવેદનો આપી રહ્યો હતો. બીજી તરફ પોલીસે એનડીઆરએફને સાથે રાખી બાળકીની શોધખોળ ચલાવી હતી. જે અંગે પોલીસ અને એનડીઆરએફ નદીમાં બોટ લઈને કિલોમીટરો સુધી ખુંદી વળ્યાં હતા. ભારે જહેમત બાદ ઘટનાના 36 કલાક પછી બાળકીનો મીની નદીમાં વડોદરા પાસેથી કહોવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેનો કબજો લઇ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. જેના રિપોર્ટ બાદ નરાધમના ગુનાહિત કૃત્યોનો પડદો ઉંચકાઇ શકે તેમ છે. તો બીજી તરફ આરોપીના વિરોધાભાસી નિવેદનો સામે પોલીસ તમામ દિશાઓમાં તપાસ ચલાવીને ગુન્હા અંગેની ગુથ્થીઓ સુલઝાવી રહી છે. આ મુદ્દે ગ્રામજનોમાં પણ ભારે રોષની લાગણી જન્મી છે.

---

# નડિયાદમાં ઢોર પકડવા ગયેલી ટીમ પર હુમલો

**મહિલાઓ** સામે ફરજમાં અવરોધ બદલ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

નડિયાદના રાજીવનગર વિસ્તારમાં ઢોર પકડવા ગયેલી મનપાની ટીમ પર બે મહિલાએ હુમલો કરીને ગાયને ભગાડી દીધી હતી. આ ઘટનામાં એક કર્મચારીને ઈજા પહોંચતા બે મહિલાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

નડિયાદ મનપાના સીએનસીડી વિભાગના ચીફ હેડ વિશાલ સુંદરલાલ ગૌસ્વામીએ આપેલી ફરિયાદ મુજબ, 1લી સપ્ટેમ્બર, 2025ના રોજ બપોરે 12:45 વાગ્યે તેમની ટીમ ઢોર પકડવા રાજીવનગર, પીજ રોડ, કેનાલ રોડ પર પહોંચી હતી. આ દરમિયાન, ચૈતન્યદીપ સોસાયટી નજીક ગાયને પકડવાનો પ્રયાસ કરતા તે સોસાયટીની અંદર ઘૂસી ગઈ હતી. કર્મચારીઓએ ગાયને પકડીને વાહનમાં ચડાવવાનું શરૂ કર્યું, તે જ સમયે કંકુ ભરવાડ અને પન્ના ભરવાડ નામની બે મહિલાઓ ત્યાં આવી હતી અને ગાયને છોડાવવા માટે સ્ટાફ સાથે ઝપાઝપી કરવા લાગી હતી. આ ઝપાઝપી દરમિયાન, કંકુ ભરવાડે કર્મચારી હિંમત રૂપાજી બારોટના કાંડા પર લાકડી વડે હુમલો કરતા તેમને ઈજા પહોંચી હતી. બાદ, બંને મહિલાઓએ ગાયને ભગાડી દીધી હતી અને કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ સમગ્ર ઘટના બાદ, નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ, હુમલો અને ધમકી આપવા બદલ બે મહિલાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ વચ્ચે મનપાની ટીમ દ્વારા વધુ 12 જેટલા રખડતા ઢોર ડબ્બામાં પુરવામાં આવ્યા છે.

---

# નડિયાદમાં 10 વર્ષના પૌત્રે દાદી પાસે જમીનમાં ભાગ માંગ્યો

**મામાના ઘરે રહેતો** પૌત્ર વેકેશનમાં ઘરે આવે તો નાણાં માંગતો અને ન આપે તો તોડફોડ કરતો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ શહેરના મંજીપુરા રોડ પર રહેતા વૃદ્ધાનો 10 વર્ષિય પૌત્ર તેના મોસાળમાં રહે છે. પરંતુ વેકેશન અને વાર તહેવારમાં ઘરે આવે ત્યારે દાદી પાસે નાણા માંગવા ઉપરાંત જમીનમાં ભાગ માંગી પજવણી કરતો હતો. તેમાંય છેલ્લા કેટલાક દિવસથી એક્ટિવા અને મોબાઈલની માગણી કરી ઘરમાં તોડફોડ શરૂ કરી હતી. આખરે આ અંગે અભયમની મદદ લેતા ટીમ સ્થળ પર પહોંચી હતી અને કાઉન્સેલીંગ કર્યું હતું.

નડિયાદના મંજીપુરા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા વૃદ્ધના સંતાનમાં 3 દિકરા અને 3 પૌત્રવધુ હતી. જેમાં મોટા પુત્રના અવસાન બાદ તેની પત્ની પિયર જતા રહ્યાં હતાં અને પુત્રને લઈ ગયાં હતાં. જોકે, પુત્રને વાર તહેવારે દાદી પાસે મોકલતાં હતાં. પરંતુ પૌત્ર જેમ જેમ મોટો થતો





ગયો તેમ દાદી પાસે અવાર નવાર નાણાની માગણી કરતો હતો. જોકે, તેની માગણી ન સ્વીકારે તો ઘરમાં તોડફોડ કરતો હતો. વૃદ્ધા તેને બાળસહજ માની સહન કરતાં હતાં. પરંતુ માત્ર 10 વર્ષિય પૌત્રએ છેલ્લા કેટલાક સમયથી જમીનમાં ભાગ માંગવા લાગ્યો હતો. તેમાંય આ પૌત્રએ મોબાઈલ અને એક્ટિવાની હઠ પકડી હતી. આ અંગે દાદીને ના પાડતા ઘરમાં તોડફોડ શરૂ કરી દીધી હતી અને મોટું નુકશાન કરી દીધું હતું. આ બાળકના વર્તનથી આસપાસના લોકો પણ ભયભીત થઇ ગયાં હતાં. આખરે સોસાયટીમાંથી કોઈએ વૃદ્ધાને 181 અભયમની મદદ લેવાની સલાહ આપી હતી. આથી, વૃદ્ધાએ અભયમને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી અને હકિકત જાણી તેઓ પણ ચોંકી ગયાં હતાં. આથી, બાળકનું કાઉન્સેલીંગ કર્યું હતું. પરંતુ તે એકનો બે થતો નહતો. આ ઉપરાંત બાળકે મિલકતમાં અડધો ભાગ માંગ્યો હતો અને ઘરનું ભાડુ માંગ્યું હતું. આથી, અભયમને સંયમની કામ લઇ તેને આ બધી માગણી 18 વર્ષની ઉંમર પછી સ્વીકારાશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત હાલ અભ્યાસમાં ધ્યાન આપવા સમજાવ્યો હતો. જોકે, તે તેની જીદ્દ પર અડગ રહેતા આખરે બાળ સુધારા ગૃહમાં મોકલી આપવાની સ્પષ્ટ વાત કરતાં તે મુંઝવણમાં મુકાઈ ગયો હતો અને તોડફોડ ન કરવા સહિતની બાબતો સ્વીકારી લીધી હતી. આમ, મામલો થાળે પડ્યો હતો.

જોકે, નાનકડા બાળકનું આ વર્તન ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. સોસાયટીવાસીઓ પણ માત્ર 10 વર્ષના બાળકના મોંઢે જમીનમાં ભાગ, ભાડુ વસુલવા સહિતના શબ્દો સાંભળી ચોંકી ગયાં હતાં. આ મુદ્દે બાળ સુરક્ષા વિભાગને પણ જાણ કરવામાં આવી છે. બાળકોની બદલાતી માનસિકતા પર સૌ કોઈએ અધ્યયન કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225